# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date: 12-07-2026** **MIDDAY: 1.20 TO 1.30**
**Day: SUNDAY** **National News**

આકાશવાણી સમાચાર **જયેશ પટેલ** વાંચે છે.

*******************************************************

1. પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી ઇન્ડોનેશિયા, ઓસ્ટ્રેલિયા અને ન્યુઝીલેન્ડની છ દિવસની સફળ મુલાકાત પૂર્ણ કરીને નવી દિલ્હી પરત ફર્યા.
2. અમદાવાદ ખાતે સામૂહિક વૃક્ષારોપણના કાર્યક્રમનો આરંભ કરાવતા કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહનું ગાંધીનગર સંસદીય ક્ષેત્રમાં હરિયાળી વધારીને 20 ટકા કરવાનું લક્ષ્યાંક.
3. પુણેના મોશી ડમ્પીંગ સાઇટ દુર્ઘટનામાં આજે સાત મૃતદેહ મળતા મૃત્યુઆંક વધીને નવ થયો.
4. બાવી વાવાઝોડું પૂર્વી ચીનના દરિયાકાંઠાના શહેર તાઈઝોઉમાં ત્રાટક્યું.
5. ફિફા વર્લ્ડ કપમાં, ઇંગ્લેન્ડે નોર્વેને અને આર્જેન્ટિનાએ સ્વિટ્ઝર્લૅન્ડને હરાવીને સેમિફાઇનલમાં પ્રવેશ કર્યો.
6. ટેનિસમાં આજે પુરુષોની સિંગલ્સ અને મહિલા ડબલ્સની રમાનારી ફાઇનલ મેચ દ્વારા વિમ્બલ્ડનના બે ટાઇટલનો નિર્ણય થશે.

-----------------------------------

(સમાચારને અંતે – આકાશવાણી પરથી સમાચાર પૂરા થયા)

હવે પછી આપ બે વાગીને ૩૦ મિનિટે પ્રાદેશિક સમાચાર સાંભળી શકશો...

# PM - RETURN

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી ઇન્ડોનેશિયા, ઓસ્ટ્રેલિયા અને ન્યુઝીલેન્ડની છ દિવસની સફળ મુલાકાત પૂર્ણ કરીને નવી દિલ્હી પરત ફર્યા છે. ત્રણ દેશોના તેમના પ્રવાસના પ્રથમ તબક્કામાં, શ્રી મોદીએ રાષ્ટ્રપતિ પ્રબોવો સુબિયાન્ટોના આમંત્રણ પર આ મહિનાની 6 થી 8 તારીખ સુધી ઇન્ડોનેશિયાની મુલાકાત લીધી હતી. મુલાકાત દરમિયાન, પ્રધાનમંત્રીએ ઇન્ડોનેશિયાના રાષ્ટ્રપતિ સાથે દ્વિપક્ષીય ચર્ચા કરી હતી અને ભાગીદારીમાં થયેલી પ્રગતિની સમીક્ષા કરી હતી.

તેમના પ્રવાસના બીજા તબક્કામાં, પ્રધાનમંત્રી મોદીએ ઓસ્ટ્રેલિયાના મેલબોર્નની યાત્રા કરી હતી. શ્રી મોદીએ ઓસ્ટ્રેલિયાના પ્રધાનમંત્રી એન્થોની અલ્બેનીસ સાથે ત્રીજા ભારત-ઓસ્ટ્રેલિયા વાર્ષિક સમિટમાં ભાગ લીધો હતો. તેમની મુલાકાત દરમિયાન, પ્રધાનમંત્રી મોદીએ ભારત-ઓસ્ટ્રેલિયા સીઈઓ ફોરમમાં પણ ભાગ લીધો હતો, જ્યાં તેમણે બંને દેશોના ટોચના ઉદ્યોગપતિઓને સંબોધિત કર્યા હતા.

તેમની ત્રણ દેશોની મુલાકાતના ત્રીજા અને છેલ્લા તબક્કામાં, પ્રધાનમંત્રીએ ન્યુઝીલેન્ડના પ્રધાનમંત્રી ક્રિસ્ટોફર લક્સનના આમંત્રણ પર 10 થી 11 જુલાઈ દરમિયાન ઓકલેન્ડની મુલાકાત લીધી હતી. ન્યુઝીલેન્ડની મુલાકાત 40 વર્ષમાં ભારતીય પ્રધાનમંત્રીની પ્રથમ મુલાકાત હતી.

# AMIT SHAH AHMEDABAD OXIGEN PARK -1

ગુજરાતના પ્રવાસે આવેલા કેન્દ્રીય ગૃહ મંત્રી અમિત શાહે અમદાવાદને હરિયાળું અને પ્રદૂષણમુક્ત બનાવવાના ઉદ્દેશ્ય સાથે અમદાવાદ મહાનગરપાલિકા દ્વારા ‘મિશન ફાઇવ મિલિયન ટ્રી’ અંતર્ગત ભવ્ય સામૂહિક વૃક્ષારોપણ કાર્યક્રમનો પ્રારંભ કરાવ્યો. સાયન્સ સિટી ખાતે આયોજિત કાર્યક્રમમાં કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહના હસ્તે 405 કરોડના વિવિધ વિકાસકાર્યોનું લોકાર્પણ અને ખાતમુહૂર્ત કરવામાં આવ્યું હતું.

કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહે ગાંધીનગર સંસદીય ક્ષેત્રમાં હરિયાળી વધારીને 20 ટકા પહોંચાડવાનો સંકલ્પ કર્યો હતો.

## BYTE: AMIT SHAH ON GREENERY

‘મિશન ફાઇવ મિલિયન ટ્રી’ અંતર્ગત શહેરમાં હરિયાળી અને પર્યાવરણ સંરક્ષણને પ્રોત્સાહન આપતા હેરિટેજ પાર્ક તેમજ 101 ઓક્સિજન પાર્ક અને અર્બન ફોરેસ્ટનું લોકાર્પણ કરતાં કહ્યુ કે, આજે અમદાવાદ મહાનગરપાલિકાએ વાતાવરણને સ્વચ્છ બનાવવા માટેનું ભગીરથ કાર્ય કર્યું છે.

## BYTE: AMIT SHAH OXYGEN PARK

# AMIT SHAH AHMEDABAD OXIGEN PARK 2

ગ્રીન મોબિલિટી અંતર્ગત બીઆરટીએસના કાફલામાં 80 નવી વાતાનુકૂલિત ઇલેક્ટ્રિક બસોનો ઉમેરો કરવામાં આવ્યો, જ્યારે એએમટીએસમાં પણ 75 નવી એસી બસોનો સમાવેશ કરવામાં આવ્યો.

આ ઉપરાંત 60.68 કરોડના ખર્ચે નિર્મિત 188 આધુનિક સરકારી આવાસોનું પણ ઈ-લોકાર્પણ કરતાં શ્રી શાહે જણાવ્યું કે, પર્યાવરણ સંરક્ષણની સાથે ગાંધીનગર લોકસભા ક્ષેત્ર ગ્રીન એનર્જીના ક્ષેત્રમાં પણ અગ્રેસર રહ્યું છે. દેશમાં સૌથી વધુ સોલાર રૂફટોપ ધરાવતા વિસ્તારોમાં ગાંધીનગર લોકસભા ક્ષેત્રનો સમાવેશ થાય છે.

પર્યાવરણની જાળવણીની લોકોને અપીલ કરતાં દરેક ઘરમાં સોલાર રૂફટોપ લગાવવા અપીલ કરી.

# MOSHI - DEATH TOLL

મહારાષ્ટ્રમાં, પુણે જિલ્લામાં મોશી ડમ્પીંગ સાઇટ દુર્ઘટનામાં આજે બચાવ કામગીરીના ચોથા દિવસે વધુ સાત પીડિતોના મૃતદેહ મળી આવ્યા બાદ મૃત્યુઆંક વધીને નવ થયો છે. એક વ્યક્તિ કચરાના ઢગલા નીચે ફસાયેલી છે અને શોધખોળ ચાલી રહી છે. આ અકસ્માત 8 જુલાઈના રોજ પુણે જિલ્લાના મોશી ખાતે વેસ્ટ-ટુ-એનર્જી પ્રોજેક્ટના વહીવટી મકાન પર કચરાનો મોટો ઢગલો તૂટી પડ્યો હતો, જેમાં 23 લોકો ફસાઈ ગયા હતા અને પાંચ લોકો બચી ગયા હતા, જ્યારે નવ લોકોને સુરક્ષિત રીતે બચાવી લેવામાં આવ્યા હતા.

ભારતીય સેના, NDRF, પિંપરી-ચિંચવડ મ્યુનિસિપલ કોર્પોરેશન, PMRDA ફાયર બ્રિગેડ અને પોલીસ બચાવ કામગીરી હાથ ધરી રહ્યા છે. અદ્યતન ડિમોલિશન સાધનોનો ઉપયોગ કરીને બચાવ ટીમોએ સાત મૃતદેહો બહાર કાઢ્યા છે. બાકીના ગુમ થયેલા વ્યક્તિની શોધ હજુ પણ ચાલી રહી છે.

# REVEPFO - AMNESTY SCHEME

કર્મચારી ભવિષ્ય નિધિ સંગઠન (EPFO) એ એમ્નેસ્ટી સ્કીમ, 2026 રજૂ કરી છે, જે 'મુક્તિ પ્રાપ્ત ભવિષ્ય નિધિ' ચલાવતી સંસ્થાઓને તેમની સ્થિતિ નિયમિત કરવાની એક વખતની તક પૂરી પાડે છે. શ્રમ અને રોજગાર મંત્રાલયે જણાવ્યું કે, આ યોજના છ મહિનાના સમયગાળા માટે ખુલ્લી રહેશે. આ યોજના એવી સંસ્થાઓને લાગુ પડે છે જે આવકવેરા કાયદા, 1961 હેઠળ માન્યતા પ્રાપ્ત પ્રોવિડન્ટ ફંડ ટ્રસ્ટ ચલાવી રહી છે.

મંત્રાલયે જણાવ્યું કે, પાત્ર સંસ્થાઓએ સંબંધિત પ્રાદેશિક કાર્યાલયને ઇ-મેઇલ દ્વારા ઔપચારિક અરજી રજૂ કરવી પડશે. 'મુક્તિ પ્રાપ્ત ભવિષ્ય નિધિ' એ એમ્પ્લોયર દ્વારા સંચાલિત પીએફ યોજના છે, જે પોતાના પ્રોવિડન્ટ ફંડ યોગદાનને સીધા EPFOમાં જમા કરાવવાને બદલે ખાનગી ટ્રસ્ટ દ્વારા આંતરિક રીતે હેન્ડલ કરે છે.

# MID BREAK- NEWS- NATIONAL

આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો. આ સમાચારનું જીવંત પ્રસારણ આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/GU અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલૉ કરશો.

(ગોન્ગ મ્યુઝિક)

. . . . . . . . . . . . . .

ડેસ્ક

# MEA-YEMEN

વિદેશ મંત્રાલયે 2017ની સૂચના પાછી ખેંચી લીધી છે, જેમાં યમનની મુસાફરી કરતા ભારતીય નાગરિકો પર કેટલીક શરતો લાદવામાં આવી હતી. યમનમાં ગૃહયુદ્ધ અને સશસ્ત્ર સંઘર્ષને કારણે તંગદિલી બાદ આ સૂચના અપાઈ હતી, જેના કારણે ભારતે તેના નાગરિકો દ્વારા દેશમાં મુસાફરીને નિયંત્રિત કરવી પડી હતી.

મંત્રાલયે જણાવ્યું હતું કે, જો મુસાફરી અનિવાર્ય હોય, તો સ્થાનિક સુરક્ષા પરિસ્થિતિનું સંપૂર્ણ મૂલ્યાંકન કર્યા પછી જ તે કરવી જોઈએ અને સક્રિય સંઘર્ષ ઝોનની મુસાફરી ટાળવી જોઈએ. મંત્રાલયે યમનમાં રહેતા ભારતીય નાગરિકોને સતર્ક રહેવા અને યમનની અંદર તેમની અવરજવર મર્યાદિત કરવાની સલાહ આપી હતી.

યમનમાં રહેતા ભારતીય નાગરિકો અને જેમને યમનની મુસાફરી કરવાની જરૂર છે તેમને કટોકટીના કિસ્સામાં વધુ સારી વાતચીત અને સહાયતા માટે રિયાધમાં ભારતીય દૂતાવાસમાં નોંધણી કરાવવાની પણ સલાહ આપી હતી.

# PM - S JANAKI

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ પ્રખ્યાત પ્લેબેક ગાયિકા એસ. જાનકી અમ્માના નિધન પર શોક વ્યક્ત કર્યો છે. સોશિયલ મીડિયા પોસ્ટમાં, શ્રી મોદીએ કહ્યું કે, એસ. જાનકી અમ્માના નિધનથી સંગીત અને સંસ્કૃતિની દુનિયાને મોટી ખોટ પડી છે.

પ્રધાનમંત્રીએ કહ્યું કે, વિવિધ ભાષાઓમાં તેમના ગીતો પેઢી દર પેઢી લોકપ્રિય રહ્યા છે અને તેમણે દરેક ભાવનાને અપ્રતિમ કૃપા તેમજ વૈવિધ્યતા સાથે અવાજ આપ્યો છે. તેમણે કહ્યું કે એસ. જાનકી અમ્માના સૂરો આવનારા વર્ષોમાં શ્રોતાઓને મંત્રમુગ્ધ કરતા રહેશે.

શ્રી મોદીએ આ દુઃખની ઘડીમાં તેમના પરિવાર, અસંખ્ય પ્રશંસકો અને સમગ્ર સંગીત સમુદાય પ્રત્યે સંવેદના વ્યક્ત કરી.

# QATAR EMIR DIES

કતારના ભૂતપૂર્વ અમીર શેખ હમાદ બિન ખલીફા અલ થાનીનું 74 વર્ષની વયે અવસાન થયું છે, જેમણે ગલ્ફ રાષ્ટ્રને રાજદ્વારી, મીડિયા અને રોકાણમાં એક મુખ્ય વૈશ્વિક ખેલાડી બનાવ્યું હતું. શેખ હમાદે 18 વર્ષ સુધી કતાર પર શાસન કર્યું અને 2013 માં સ્વેચ્છાએ તેમના પુત્રને સત્તા સોંપી હતી.

તેમના નેતૃત્વ હેઠળ, કતાર વૈશ્વિક ઊર્જા પાવરહાઉસ તરીકે ઉભરી આવ્યું, તેના આંતરરાષ્ટ્રીય રોકાણોનો વિસ્તાર કર્યો અને 2022 ફિફા વર્લ્ડ કપનું પણ સફળતાપૂર્વક આયોજન કર્યું.

# CHINA-TYPHOON BAVI

બાવી વાવાઝોડું ગઈકાલે મોડી રાત્રે પૂર્વી ચીનના દરિયાકાંઠાના શહેર તાઈઝોઉમાં ત્રાટક્યું હતું, જ્યાં લગભગ બે મિલિયન લોકોનું સ્થળાંતર કરવામાં આવ્યું. વાવાઝોડું અગાઉ જાપાનના દક્ષિણ સાકિશિમા ટાપુ સાંકળ સાથે અથડાયું હતું અને ઉત્તર તાઈવાનને પાર કરી ગયું હતું. બાવી તેના ઉત્તરપશ્ચિમ માર્ગ પર ધીમું અને નબળું પડી રહ્યું હોવા છતાં, વાવાઝોડું હજુ પણ જોખમરૂપ છે.

ચીનના રાષ્ટ્રીય હવામાન કેન્દ્રના જણાવ્યા અનુસાર, બાવીમાં લગભગ 144 કિમી પ્રતિ કલાકની મહત્તમ સતત પવનની ગતિ હતી, તે સ્થાનિક સમય મુજબ રાત્રે 11 વાગ્યે 20 મિનિટે લેન્ડફોલ થયું હતું.

સાંભળીએ એક અહેવાલ..

## VC- KRISNAN TYPHOON BAVI

# REV FIFA WORLD CUP

ફિફા વર્લ્ડ કપમાં, આર્જેન્ટિના અને ઇંગ્લેન્ડ સેમિફાઇનલમાં પ્રવેશ કરી ચૂક્યા છે. ફ્લોરિડાના મિયામી સ્ટેડિયમ ખાતે આજે ક્વાર્ટર ફાઇનલ મેચમાં ઇંગ્લેન્ડે નોર્વેને 2-1થી હરાવ્યું. આજે સવારે મિઝોરીના કેન્સાસ સિટીમાં છેલ્લી ક્વાર્ટર ફાઇનલ મેચમાં ડિફેન્ડિંગ ચેમ્પિયન આર્જેન્ટિનાએ સ્વિટ્ઝર્લૅન્ડને 3-1થી હરાવ્યું.

સ્પેન અને ફ્રાન્સ પહેલાથી જ છેલ્લા ચારમાં પોતાનું સ્થાન બુક કરી ચૂક્યા છે. સ્પેને બેલ્જિયમ પર 2-1થી રોમાંચક વિજય મેળવ્યો, જ્યારે ફ્રાન્સે મોરોક્કો પર 2-0થી આરામદાયક જીત મેળવી.

હવે સેમિફાઇનલમાં આર્જેન્ટિના, ફ્રાંસ , સ્પેન અને ઇગ્લેંડની ટીમો પહોંચી છે.

# DAY WIMBLEDON

ટેનિસમાં, આજે પુરુષોની સિંગલ્સ અને મહિલા ડબલ્સની રમાનારી ફાઇનલ મેચ દ્વારા વિમ્બલ્ડનના બે ટાઇટલનો નિર્ણય થશે. વિશ્વના નંબર 1 જેનિક સિનરનો મુકાબલો પુરુષોની સિંગલ્સ ફાઇનલમાં જર્મનીના એલેક્ઝાન્ડર ઝ્વેરેવ સામે થશે. સિનરે નોવાક જોકોવિચ પર સીધા સેટમાં વિજય મેળવીને ટાઇટલ મુકાબલામાં પોતાનું સ્થાન બુક કર્યું, જ્યારે ઝ્વેરેવે બ્રિટિશ વાઇલ્ડકાર્ડ આર્થર ફેરીને હરાવીને પોતાની પહેલી વિમ્બલ્ડન ફાઇનલમાં પ્રવેશ કર્યો. ભારતીય સમય મુજબ આ મુકાબલો રાત્રે સાડા આઠ વાગે શરૂ થશે..

વિમેન્સ ડબલ્સની ફાઇનલ ભારતીય સમય મુજબ સાંજે 5:30 વાગ્યે શરૂ થશે. ચીનની ગુઓ હાન્યુ અને ફ્રાન્સની ક્રિસ્ટીના મ્લાડેનોવિકની 10મી ક્રમાંકિત જોડીનો મુકાબલો કેનેડાની ગેબ્રિએલા ડાબ્રોવસ્કી અને બ્રાઝિલની લુઇસા સ્ટેફનીની બીજી ક્રમાંકિત જોડી સામે થશે.

ગઈકાલે, મહિલા સિંગલ્સ ફાઇનલમાં 21 વર્ષીય લિન્ડા નોસ્કોવાએ લંડનના સેન્ટર કોર્ટ ખાતે સાથી ચેક કેરોલિના મુચોવાને 6-2, 5-7, 6-3 થી હરાવીને પોતાનું પહેલું ગ્રાન્ડ સ્લેમ ટાઇટલ જીત્યું. નોસ્કોવા ચાર વર્ષમાં ગ્રાસ-કોર્ટ મેજર જીતનાર ત્રીજી ચેક મહિલા બની.